

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન ॥

મન ચિંતામણિ

: પ્રકાશક :

સત્પંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ - ૩૮૨૪૨૫



॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાન ॥

મન ચિંતામણિ

: પ્રકાશક :

સત્પંથ પ્રકાશન સમિતિ

પ્રેરણાપીઠ-પીરાણા, તા. દસક્રોઈ, જી. અમદાવાદ - ૩૮૨૪૨૫

સદાય આશીર્વાદ રહે છે આપના.



સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ



પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય
શ્રી કરશનદાસજી મહારાજ



પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય
શ્રી નાનકદાસજી મહારાજ

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ રચિત

“મન ચિંતામણિ”

(સદ્‌ગુરુ ઉપદેશ)

: પ્રકાશક :

સત્‌પંથ પ્રકાશન સમિતિ

સત્‌પંથ પ્રેરણાપીઠ-પીરાણા

તા. દસક્રોઈ, જિ. અમદાવાદ - ૩૮૨૪૨૫

પ્રકાશક : સત્પંથ પ્રકાશન સમિતિ,
સત્પંથ પ્રેરણાપીઠ - પીરાણા
તા. દસક્રોઈ, જી. અમદાવાદ-૩૮૨૪૨૫
ફોન : (૦૨૭૧૮) ૨૮૮૨૨૭, ૨૮૮૨૨૯, ૨૮૮૮૧૨

મન ચિંતામણિ (સદ્‌ગુરુ ઉપદેશ)

પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૬૦	પ્રત : ૧૦૦૦
બીજી આવૃત્તિ : સંવત ૨૦૬૮, જૂન - ૨૦૧૨	પ્રત : ૧૦૦૦
ત્રીજી આવૃત્તિ : સંવત ૨૦૭૪, નવેમ્બર - ૨૦૧૭	પ્રત : ૫૦૦

મૂલ્ય :

મુદ્રક : સનસાઈન પ્રિન્ટર્સ
જી-૯,, રવિ એસ્ટેટ, રૂસ્તમ મિલ કંપાઉન્ડ,
દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪.

પ્રસ્તાવના

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ રચિત ''મન ચિંતામણિ'' પુસ્તિકામાં મનના લક્ષણો ઓળખીને ભક્તિ કરવાનું સમજાવેલું છે. મનનું લક્ષણ બીજાને માન આપવાનું છે. તેથી પોતે માન રહિત થઈ જાય છે અને સર્વ સૃષ્ટિ સાથે સમદૃષ્ટિનો ભાવ જાગે છે. સમદૃષ્ટિનો ભાગ પ્રગટે ત્યાંથી બ્રહ્મજ્ઞાનની શરૂઆત થાય છે, જીવન મુક્તિનું દ્વાર ખૂલી જાય છે. દરેક શાસ્ત્રમાં ચૈતન્ય પુરુષને ઉત્તમ દેવ ગણાવે છે, તેથી ''મન ચિંતામણિ''માં સર્વમાં એક સરખો આત્મા રહેલો હોઈ સર્વને વંદન કરવાનું બતાવે છે. જેને ભક્તિ માર્ગ ઉપર પૂરી નિષ્ઠાથી ચાલવું હોય તેમણે ભીતરના ભેદ ઉકેલવાનું જ્ઞાન મેળવવું જોઈએ. વિવેક મન સઘળા સદ્‌ગુણોને પામીને અંતે ભક્તને હરિના ધ્યાનમાં લીન કરાવે છે.

આ ''મન ચિંતામણિ'' જ્ઞાનનો એવો ભંડાર છે, જેની દરેક પંક્તિમાં જ્ઞાનની ગંગા વહે છે. આ પુસ્તિકાને એક ચિત્તે વાંચતાં કે શ્રવણ કરતાં સંસાર ભાવમાંથી મુક્ત થઈ જાણે બ્રહ્મસાગરમાં ડૂબકી મારતા હોઈએ તેવો અનેરો આનંદ થાય છે. મન ચિંતામણિનું શ્રવણ કરતાં કરતાં ભગવત્ ગીતાના અઢાર અધ્યાયનું જ્ઞાન પામ્યાનો સંતોષ થાય છે. સુખ કે દુઃખના સર્વ સંજોગોમાં ભક્તિ માર્ગમાં અચળ રહેવાનું આ ઉત્તમ જ્ઞાન છે.

ધર્મની સાચી ભાવના, ગુરુ અને સદ્‌ગુરુનું મહત્ત્વ, ચંચળ મનને સ્થિર કરવાના ઉપાય, હરિસ્મરણ, સંત સમાગમ, સેવાભાવ, ભજન, ધૂન, નવધા ભક્તિના પ્રકાર, સર્વ ધર્મ સમભાવનું મહત્ત્વ સમજાવ્યું છે. તેમ સંતનાં લક્ષણ, તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાની સમજ આપી છે.

ભારત દેશ ધર્મ પરાયણ દેશ છે, જેમાં અનેક ધર્મનો સમાવેશ થાય છે. તેમાં સત્પંથ સનાતન ધર્મ વૈદિક ધર્મ છે. જે અનાદિ કાળથી ચાલતો આવ્યો છે. સત્યુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગમાં સત્પંથ ધર્મ હતો અને વર્તમાન સમય કલિયુગમાં પણ આ જ સત્પંથ ધર્મ છે. તે સૃષ્ટિની ઉત્પત્તિથી અને લય સુધી અવિચળ રહેશે.

''મન ચિંતામણિ'' પુસ્તકના પથદર્શક સદ્ગુરુશ્રી ઈમામશાહ મહારાજ એક મહાન જ્ઞાની દિવ્ય સંત હતા. આ જ્ઞાની અને યોગી મહાપુરુષે વેદના આધારે એક ''મૂળબંધ'' નામનો હસ્ત લિખિત મહાગ્રંથ માનવ કલ્યાણ અર્થે અણમોલ ભેટ સ્વરૂપે જગત સમક્ષ પ્રગટ કર્યો છે. તે મૂળબંધના આધારે સત્પંથ પ્રકાશન સમિતિ દ્વારા કેટલાંક પુસ્તકોનું પ્રકાશન ક્રમશઃ થઈ રહ્યું છે.

સદ્ગુરુએ તેમનો જે દિવ્ય ઉપદેશ જગત સમક્ષ પ્રગટ કર્યો છે. તે સદ્ગુરુના મૂળ સાહિત્યમાંથી ''મન ચિંતામણિ'' નો ભાગ પ્રગટ કરવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે. જેનો ભાવિક વાચક વર્ગ સહર્ષ સ્વીકાર કરશે.

-સંપાદકશ્રી

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજનો જ્ઞાનોપદેશ

"મન ચિંતામણિ"

સદ્‌ગુરુ સાહેબને કરું રે પ્રણામ,
સમરું એક નિરંતર નામ... (૧)
સાહેબ સમરી નિત્ય જ્ઞાને મલીયે,
સઘળા મનના કુલક્ષણ ટળીયે... (૨)
ગુરુ વચન તે સ્થિર થઈ સુણીયે,
સદ્‌ગુરુ બોધ તે પ્રેમે ભણીયે... (૩)
ચંચલ મન તો થર થાયે,
ૠષિવર કરવો સ્મરણ ઉપાયે... (૪)
કુમન, કુભાવ, કુબુદ્ધિ પરહરિએ,
સાહેબ નામ લેતાં નિશ્ચયે તરીયે... (૫)
તું હી સાચા સાહેબ હો...
શ્રી હરિ હરિ જેને કીયા,
લીયા નર નારાયણ નામ રે,
મન ચિંતામણિ શું સ્નેહ જેને કીયા,
તે મળીયા અમર ઠામ. (૧)

સઘળી વાતથી વાત જ સાર,
મન શુદ્ધિ પામે સકળ ભવ પાર... (૧)

કારણ સઘળું મન જ તણું,
મુનિવર એથી શું કહીએ ઘણું... (૨)

કાયા ક્લેશ ન કરશો જન,
થર કરી રાખો તમે ચંચલ મન... (૩)

બ્રહ્મ જ્ઞાને મન થર થાયે,
મુનિવર બીજો કોઈ નથી ઉપાયે... (૪)

કાયા કાશી મન છે શ્રી ગંગા,
ગોર નર ચરણે જો લાગે રંગા... (૫)

તું હી સાચા સાહેબ હો...
રંગ રંગાવો દિલમાં,
કાએ ફરો વનવાસ ?
ઘટમાં તીર્થ શોધીએ,
તો પિયુજી તેરે પાસ... (૨)

ઘટમાં તીર્થ ને ઘટમાં વન,
નિર્મળ હોવે જો આપણું મન... (૧)

જ્યાં લગી મન શું ફરતા ફરીયે,
તીરથ વનમાં અર્થ નવ સરીયે... (૨)

કારણ સઘળું મનનું જાણ,
મુનિવર અજાણી શું બોલો વાણ? (૩)

શોધો શાસ્ત્ર ને વેદ પુરાણ,
પૂછો સદ્‌ગુરુ પંડિત સુજાણ... (૪)

સદ્‌ગુરુ શાસ્ત્ર જો રાખો ઉથાપ,
મન થર થાયે નહિ, શોક સંતાપ... (૫)

તું હી સાચા સાહેબ હો...
મન થર કરો મુનિવરો,
થર વિના દુઃખ અપાર,
કારણ સઘળું મન તણું,
સદ્‌ગુરુ કહે રે પોકાર. (૩)

વળી વળી કીજે એહી જતન,
જેથી નિર્મળ થાય આપણું મન... (૧)

ઈશ્વર સમરો તજો અભિમાન,
સદ્‌ગુરુ ચરણે કીજે ભક્તિ જ્ઞાન... (૨)

ગુરુ જ્ઞાને સત્ સંગત કરીએ,
માયા મોહ અજ્ઞાન પરહરીએ... (૩)

જ્ઞાન વચન હૃદયમાં ધરીએ,
સ્મરણ એક સાહેબનું કરીએ... (૪)

એ સદ્‌ભક્તિએ બ્રહ્મ જ્ઞાન,
જો સઘળે કીજે દૃષ્ટિ સમાન... (૫)

તું હી સાચા સાહેબ હો...
ઘટ ઘટ હરિ વસી રહ્યો,
તમે જોઈ લેજો જાણ,
દેહ થકી અળગો ન ટળે,
એમ... સદ્‌ગુરુ કહે જ્ઞાન. (૪)

એવે અનુભવે હરિ સમરીએ,
સદ્‌ગુરુ ચરણે કુબુદ્ધિ પરહરીએ... (૧)

અલખમાં ખલક ખલકમાં અલખ,
એ બુદ્ધિ રાખો મુનિવર સમજી... (૨)

સઘળે પૂરણ ઈશ્વર પ્રકાશ,
પ્રગટના ભાસે વણ વિશ્વાસ... (૩)

વણ વિશ્વાસે વસુ અફળે,
અકળ સ્વરૂપીને કોઈ ન કળે... (૪)

વિષ વિવાદમાં સર્વે મોહ્યા,
મુનિવર અમર પીછાણે વીરલા કોએ...(૫)

તું હી સાચા સાહેબ હો...
સદ્‌ગુરુ વચન ઘટમાં ગ્રહો,
તો કારજ સર્વે હોય,
મન નિજ મને પલમાં લહો,
અમર પીછાણે સોએ. (૫)

—

અમર પીછાણો તો મનને ગાળો,
કલ્પિત વસ્તુ જ્ઞાને વારો... (૧)

આદ ઉનાદનો જાણો મર્મ,
તો એક સદંતર ભાસે બ્રહ્મ... (૨)

સર્વ સંગતથી એ છે સાર,
બાહેર ભીતર જાણો બ્રહ્મ વિચાર... (૩)

શુદ્ધ વિચારથી હું તું ટળીએ,
મુનિવર અંતરે હરિમાં ભળીએ... (૪)

સદ્‌ગુરુ જ્ઞાન વેદે એમ કહ્યા,
એ મન નિરાલંભ એક મન રહ્યા... (૫)

તું હી સાચા સાહેબ હો...
જો મન વશ ન રહે આપણું,
તો કેમ ઓળખીએ આતમરામ,
મન થર થાએ નિજ મનો,
તો ઓળખીએ પૂરણ બ્રહ્મ. (૬)

માયા બ્રહ્મ તે એકે જ જોયે,
વર્તમાને ઓળખાયે સોયે... (૧)

માયા સંગે મન કલ્પિત ફરીએ,
બ્રહ્મ જ્ઞાને સકળ પરહરીએ... (૨)

આપ વિચારી તમે જો જો જન,
મુનિવર ઓળખો તમે એણે મન... (૩)

મનના ધર્મ તે ઓળખીને તજીએ,
નર નારાયણ નિરંતર ભજીએ... (૪)

જહાં સ્મરણ ત્યાં નર નારાયણ જાણ,
મન શુદ્ધ પામે તો હોય ઓળખાણ...(૫)

તું હી સાચા સાહેબ હો...
મન શુદ્ધ કરો હે મુનિવરો,
તમે ના કરો પરાઈ વાત,
મનનું કુલક્ષણ એ જ છે,
જે કરે અરી પરી વાત. (૭)

શુદ્ધ મનનું લક્ષણ એહ,
કેની નિંદા ન કરે તેહ... (૧)

સઘળે દેખે એક જ શ્રી હરિ,
જેને અંતર બ્રહ્મ જ્ઞાન... (૨)

અનેક ભક્તિ સાધન જો કરીએ,
બ્રહ્મ જ્ઞાન વિના અર્થ ન સરીએ... (૩)

બ્રહ્મ જ્ઞાની ઉપાધિ ના દેખે,
સર્જનહાર વિના અવર ના પેખે... (૪)

અનેક રૂપ નામ ગુણ ને કરમ,
દર્શન દેખે સબ ઘટ બ્રહ્મ... (૫)

તું હી સાચા સાહેબ હો...
સબ ઘટ બ્રહ્મ દૃષ્ટિએ,
તો આવરણ સર્વે જાયે,
અવર ધ્યાન સર્વે પરહરો,
ત્યાં રાખો સુરત લગાએ. (૮)

અવર ઉપાધિ સર્વે પરહરીએ,
મુનિવર અમર દષ્ટિ કરીએ... (૧)

અમર દષ્ટિએ અર્થ જો સરીએ,
તો સંસાર સાગર સુખે તરીએ... (૨)

અમર દષ્ટિએ રહે તદાકાર,
મુનિવર અમર તે જાણો નિરધાર... (૩)

મુનિવર સાવધાન થઈને રહીએ,
અમર દષ્ટિએ હૃદયમાં ધરીએ... (૪)

અમર દષ્ટિએ અમર નિરખીએ,
અજર અમર મન જોઈ હરખીએ... (૫)

તું હી સાચા સાહેબ હો...
અમર અલખ અવતાર છે,
આદ્ય વિષ્ણુ પરમાણ,
હરિ અંશે વિષ્ણુ જે પ્રગટીયા,
સોહી સદ્ગુરુ, વિષ્ણુ પિછાણ. (૯)

હરિને જોતાં મન થાય પ્રસન્ન,
અરુ પરુ કાંઈ નવ ધાવે મન... (૧)

હરિ ચરણે મન નિર્મળ હોએ,
મુનિવર હરિને નિરંતર જોએ... (૨)

મનસા વાચા કાયા સહી,
મુનિવર રાખો હ્રદયમાં ગ્રહી... (૩)

ગોર નર ને મિલાવે જેહ,
મુનિવર અમર સત્ય ભાખે તેહ... (૪)

સર્વ પ્રકારે મન દ્રઢ કરીએ,
સ્મરણ એક હરિ ચિત્તે ધરીએ... (૫)

તું હી સાચા સાહેબ હો...
હરિ સ્મરણ કીજીએ,
સદ્‌ગુરુ તણો લીજે ભેદ,
આદ્ય વિષ્ણુ નારાયણ સત્ય છે,
એમ બોલે ચારે વેદ. (૧૦)

—

વેદ તણું જો કહ્યું કરીએ,
તો અહોનિશ નામ શ્રી હરિનું સમરીએ...(૧)

અવર ઉપાધે અર્થ નવ સરીએ,
શ્રી હરિ હરિ કહેતાં નિશ્ચયે તરીએ... (૨)

પ્રેમ પ્રીતે જપો અવિનાશ,
મુનિવર અવરની તજો આશ... (૩)

ફળને અર્થે ભજીએ સારંગ પ્રાણ,
તે તો દુકાનદારી પૂરણ જાણ... (૪)

ફળ તજી સાહેબનું સ્મરણ કરીએ,
કેવલ ભક્તિ જ્ઞાન હૃદયમાં ધરીએ...(૫)

તું હી સાચા સાહેબ હો...
સાહેબને વહાલા બહુ કરો,
છોડો અવરની આશ,
સર્વે આશા પરહરો,
તો ગોર નર તેરે પાસ. (૧૧)

વિષય વાસના પરહરીએ જાણ,
તેને સાહેબ વહાલા પ્રમાણ... (૧)

જેનું મન ગોરનર ચરણે રમે,
તેને અતિશય અન્ન નવ ગમે, (૨)

જેણે એક સાહેબ વહાલા કરીયા,
તેણે રિદ્ધિ સિદ્ધિ ભોગ પરહરીયા... (૩)

હરિ ને હરિજન વહાલા સહી,
સત્યમ્, સત્ય શ્રી મુખ વાણી કહી... (૪)

શ્રી મુખ વાણી કહ્યું વચન,
સાંભળો મુનિવરો એક મન... (૫)

તું હી સાચા સાહેબ હો...
શ્રી મુખ વાણી ઓચરે,
મુજને વહાલા સજ્જન,
વિશ્વંભરનાં વચન પર,
સર્વે ધરજો એક ચિત્ત. (૧૨)

—

મુજને વહાલા મુનિવર જન,
જેને કહીએ નિશ્ચલ મન... (૧)

તે હરિજનની હું સેવા કરું,
તેઓનાં વચન તે મસ્તકે ધરું... (૨)

હું તે હરિજન હરિજન તે હું જાણ,
એમ કહે શ્રી નર નારાયણ વાણ... (૩)

હરિ હરિજન વચ્ચે અંતર નહિ,
રૂપ બે પણ ઘટ એક જ સહી... (૪)

હરિજન હરિજન નિશ્ચયે કરું,
હરિ હરિજનને ક્ષણ ન વિસરું... (૫)

તું હી સાચા સાહેબ હો...
હરિ ને હરિજન એક છે,
તે દોએ ન દેખો જાણ,
જેમ અંશ કાયામાં જાણીએ,
એમ શ્રી મુખ કહે વાણ રે. (૧૩)

—

હરિ હરિજન સદા એક જ જાણ,
મુનિવર અંતરમાં નિશ્ચે આણ... (૧)

હરિથી હરિજન મોટા સહી,
હરિ ત્રિગુણ હરિજન ત્રિગુણ નહિ...(૨)

હરિજન ને એક હરિ ચિત્ત વંદ,
એ અવર કોઈ ન ઈચ્છે મન... (૩)

હરિજન પૂજતાં વિષ્ણુ પૂજાએ,
પૂજક પૂજે હરિ તૃપ્ત થાયે... (૪)

સાહેબ સઘળે એમ વેદ જ વંદે,
પ્રગટ્ય છે હરિ હરિજન ને હૃદયે... (૫)

તું હી સાચા સાહેબ હો...
પ્રગટ હૃદય હરિજન ને,
જેણે તજ્યા વિષ વિવાદ,
અમર ખેલ અતોલ ગણ,
તેનો કોઈ ન લેવે પાર. (૧૪)

—

ક્ષાર ધરતીએ ઉદક જોયે,
તેણે જળે કોઈ અર્થ ન હોએ... (૧)

પ્રાગટ્ય હોએ ત્યાં કારજ થાએ,
હરિ પ્રગટ જ્યાં હરિ ગુણ ગાયે... (૨)

જેને લક્ષણ હોએ ત્રીસ,
એ હરિજન ને પ્રગટ યુગદીશ... (૩)

હરિજન લક્ષણ હ્રદયમાં ગ્રહો,
મુનિવર અંતરમાં સમજી રહો... (૪)

સંતનાં લક્ષણ કહીએ જેહ,
એક મને મુનિવર સુણીએ તેહ... (૫)

તું હી સાચા સાહેબ હો...
એક મન થઈને સાંભળો,
સાવધાને થાય મોક્ષ રે,
જેમ તેમ કરીને આદરો,
લક્ષણ કેરી જુગતિ રે. (૧૫)

જેમ તેમ કરી આદરીયે વાત,
તો બ્રહ્મ જ્ઞાન પામીએ સાક્ષાત્... (૧)

દયા હૃદયમાં કુબુદ્ધિ પરહરીએ,
હરિજન ક્ષમા સદા મન ધરીએ... (૨)

સર્વ વચન બોલે સત્ય સંત,
જેને અંતરમાં વહાલા ભગવંત... (૩)

હરિજન હરિ ચરણે મન માંડે,
અવર કુમાર્ગ મેલી છાંડે... (૪)

હર્ષ શોક ન કરે સદાએ,
પર ઉપકારે હર્ષ શું ધાએ... (૫)

તું હી સાચા સાહેબ હો...
પર ઉપકારી પરમાર્થી,
હરિજન તેનું નામ,
કામ ક્રોધ વ્યાપે નહિ,
નિર્મલ બુદ્ધિ તમામ. (૧૬)

—

કામ કેમે હણાય નહિ,
ધીર વીર તે જાણો સહી... (૧)

ઇંદ્રિય સર્વ પવિત્ર કરીએ,
નિર્દોષ સંત હોઈ ચહુદિશ ફરીએ... (૨)

કોમળ સ્વભાવ સંતોષ નિત્ય ગ્રહીએ,
જાહેર બાતિન પવિત્ર કરીએ... (૩)

સાચા હરિજન, એક ચિત્તે હોઈ,
વિષય વિકાર ના દીશે કોઈ... (૪)

હૈયે ન ઉપજે કહ્યુ અહં પ્રમાણ,
ભક્તિ જ્ઞાન તેણે કરી જાણ... (૫)

તું હી સાચા સાહેબ હો...
સત્ય કરી જાણો તે હરિજન,
જેને એક હરિની ઓથ રે,
આહાર વ્યવહારને વળગી રહ્યો,
તેની ભક્તિ થોથ રે. (૧૭)

જુગતે આહાર ને જુગતે વ્યવહાર,
મુનિવર અંતરમાં વસ્તુ વિચાર... (૧)

શીલ સ્વભાવ હરિજન મન ધરીએ,
સ્થિર સ્થિરતાને સદા અનુસરીએ... (૨)

સદ્‌ગુરુ સાહેબને શરણે રહીએ,
ગુરુવર ભક્તિ તે તેની કહીએ... (૩)

મન નિર્મળ તે મુનિવર જાણ,
બાહેર ભીતર સારંગ પ્રાણ... (૪)

અમર અલખમાં રહે સાવધાન,
આઠ મદનું જેને નહિ માન... (૫)

તું હી સાચા સાહેબ હો...
આઠ મદ અભિમાનના,
એને પર હરિજન નિર્ધાર,
તે ધીર વીર સાચા સદા,
તેના અનુભવનો નહિ પાર. (૧૮)

જેના અનુભવનો નહિ પાર,
ગુણ ગંભીર તે હરિજન સાર... (૧)

ધરતી જેવા ગુણ હ્રદયમાં ધરીએ,
ખીર ગ્રહી નીર પરહરીએ... (૨)

સત્ય સોહી જો હંસ વૃત્તિ ધરીએ,
સાર ગ્રહીને ક્ષાર પરહરીએ... (૩)

સદ્ગોર સાહેબ તે ખીર જાણો,
વણસે વિશ્વ તે નીર પ્રમાણો... (૪)

હરિજન નિત્ય હરિનાં કરે વખાણ,
હરિ ચરણે હરિજન નિર્વાણ... (૫)

તું હી સાચા સાહેબ હો...
ષટ્ ગુણ જીતે તે હરિજન,
માન રહીત મહા હરિજન કહીએ,
તે વૈરાગી વિશ્વાસી ખરા,
તે હરિજન હરિનાં ચિત્ત રે. (૧૯)

ષટ્ ગુણ જીતે તે હરિજન પ્રમાણ,
માન રહિત તે ઉત્તમ જાણ... (૧)

સર્વ સૃષ્ટિ ને દે અતિ માન,
આપ વિશે નાહી અભિમાન... (૨)

કલ્પ વૃક્ષની પેરે સમર્થ,
ઉત્તમ હરિજન ટાળે અનર્થ... (૩)

મિત્ર ભાવ સઘળે છે જેને,
દયા હૃદયમાં કહીએ તેને... (૪)

હરિજન સમું સતિયા નહીં કોઈ,
મહાપદ પદવી નિરંતર જોઈ... (૫)

તું હી સાચા સાહેબ હો...
મહા પદવી હરિજન ને,
જે જીવતાં મૃત્યુ હોયે,
અનંત લોચન ઉઘડીયાં,
તે સબ ઘટ દર્શન જોયે. (૨૦)

—

હરિ પ્રગટ હરિજન ને હૃદયે,
ગુરુ નર શાસ્ત્રો એમ વાણી વદે... (૧)

હરિ તે હરિજન, હરિજન તે હરિ,
તે શુદ્ધ રાખો હૃદયમાં ધરી... (૨)

શ્રી મુખ વચન બોલે જોએ,
મુનિવર અંતરમાં પ્રગટ હોએ... (૩)

આદ્ય સદ્‌ગુરુ સત્યને સેવે જેહ,
સુખે પ્રેમ પદ પામે તેહ... (૪)

કાયા-ક્લેશ સાધન વણ કર્મ,
સત્ય સંગતે મલીયે પરિબ્રહ્મ... (૫)

તું હી સાચા સાહેબ હો...
પરિબ્રહ્મ સદ્‌ગુરુ તો મલે,
જો ગુરુ ભેદ પિછાણ,
તે મર્મ હરિજનને હૃદયે,
તે હરિજન મહિમા જાણ. (૨૧)

—

સત્ય સંગતને મહિમા ઘણો,
પાર ના પામે કોઈ તે તણો... (૧)

એક મને સેવો તો હરિ પિછાણો,
સત્ય સંગતે તમે સાધન જાણો... (૨)

સત્ય સંગતે થાયે બ્રહ્મ જ્ઞાન,
બ્રહ્મ જ્ઞાને થાયે દૃષ્ટિ સમાન... (૩)

દૃષ્ટિ સમાને સઘળે શ્રી હરિ જોએ,
મુનિવર અમર જીવન મુક્તિ સોએ... (૪)

સાવધાન થાઓ રે ઋષિજન,
ઈશ્વર સ્મરણનું કરો જતન... (૫)

તું હી સાચા સાહેબ હો...
હરિ સ્મરણ કરો હરિજનો,
સાધન કરો તન મન રે,
પૂંજી છે પરિબ્રહ્મની,
મનુષ્ય જન્મ રતન રે. (૨૨)

મનુષ્ય જન્મ મુક્તિનું દ્વાર,
તે નહિ પામો તમે વારંવાર... (૧)

જે ક્ષણ જાયે તે આવે નહિ,
ઈશ્વર સ્મરણ તમે સાધો સહી... (૨)

શ્રી મુખ સાહેબે કહ્યું તે કહું,
કાયર મુનિવરે કાં એ નવ લહ્યું... (૩)

પંથ માંહે બહુ મત છે ઘણા,
માર્ગ રોક્યા છે ભક્તિ તણા... (૪)

તેને જોઈ રાખો સ્થિર ચિત્ત,
સદ્‌ગુરુ સાહેબ શું રાખો ચિંત... (૫)

તું હી સાચા સાહેબ હો...
એક અદ્વિતીય ચિત્ત રાખીએ,
અને ગ્રહીએ ભક્તિ ભગવંત,
અરુ પરુ નવ જોઈએ,
તો ચોખ્ખા હોવે ચિત્ત. (૨૩)

સત્ય હરિજન ગુણ જ્ઞાની જાણ,
જે નર જપે એક પુરુષ પુરાણ... (૧)

ભક્તિ પાંખે સાધન તેહ શું ?
ગ્રંથ પાંખે જેમ ભોજન કર્યે શું ? (૨)

હરિ ચરણ જેણે હૃદયમાં ધરીયાં,
તે હરિજને સાધન સર્વે કરીયાં... (૩)

હરિ હોય ત્યાં સર્વે થાયે,
બીજો નથી કોઈ અવર ઉપાયે... (૪)

હરિ સ્મરણે સકલ શુદ્ધ થાયે,
મોક્ષ ગતિ તે ત્યારે પમાયે... (૫)

તું હી સાચા સાહેબ હો...
ત્યારે મોક્ષ પામે સહી,
સ્મરણે સારંગ પ્રાણ,
વળી વળી સમરો તેહને,
શુદ્ધ ચિત્તે પ્રમાણ. (૨૪)

—

વળી વળી એવે અવસરે જો મલીએ,
હરિ સમરતાં સર્વે દુઃખ ટળીએ... (૧)

હરિ સ્મરણ તણો એ છે નેમ,
સદ્‌ગુરુ સાથે નિરંતર પ્રેમ... (૨)

સર્વે સ્મરણ હરિનું કરીએ,
નિંદા જૂઠ મનથી પરહરીએ... (૩)

મન વચન કર્મ કરી,
સઘળે જાણે એક જ શ્રી હરિ... (૪)

સર્વ સૃષ્ટિ શું સરખી પ્રીત,
મુનિવર અમરની સ્મરણ રીત... (૫)

તું હી સાચા સાહેબ હો...
એ જ રીત સ્મરણ તણી,
નિર્મલ ભક્તિ પ્રમાણ,
અખંડ ધ્યાને આરાધીયે,
તે અનંત ભક્તિ જાણ. (૨૫)

અનન્ય ભક્તિ તેનું નામ,
હરિ વિના નહિ ઠાલો ઠામ... (૧)

સઘળે જાણો આતમ રામ,
મુનિવર અમર તે તત્ત્વ જ્ઞાન... (૨)

સબ ઘટ જાણી સર્વને વંદો,
મુનિવર અંતરે કેને નવ નિંદો... (૩)

આત્મા સર્વનો અંતર જામી,
સબ ઘટ સરખો એક જ સ્વામી... (૪)

બાહેર ભીતર એક હરિનો વાસ,
સત્ય ગુરુ સર્વ કરે પ્રકાશ... (૫)

તું હી સાચા સાહેબ હો...
સર્વને સદ્ગુરુ કહે,
તમે ચેતો મુનિવર વીર,
બાહેર ભીતર વસી રહ્યો,
સર્વ નિર્મળ શરીર. (૨૬)

—

બાહેર ભીતર એક જ હરિ,
મુનિવર અંતર શુદ્ધ રાખો માંહી... (૧)

નિત્ય એક સદ્‌ગુરુને શરણે રહીયે,
સબ ઘટ સાહેબ જ્ઞાને લહીયે... (૨)

અનુભવી, જ્ઞાની, મહા મહંત,
સંસારીને તે દુર્લભ સંત... (૩)

પૂર્વ પ્રીત જેને નહિ હોયે,
જ્ઞાની પુરુષને ન ઓળખે સોયે... (૪)

પ્રપંચ માંહે રહે જેનું મન,
મુનિવર એ તો નહિ હરિજન... (૫)

તું હી સાચા સાહેબ હો...
સંસારી તેને કહો,
જેની પ્રચંડ પર પ્રીત,
અસત્યને જે સત્ય કહે,
તે જ્ઞાની તણી નહિ રીત. (૨૭)

અસત્યને જો સત્ય કહી ગ્રહીએ,
તેને હૃદયે હરિ નવ કહીએ... (૧)

સદ્‌ગુરુ સમજાણે અર્થ જ સરીયે,
જન્મ મરણ થકી ઓધરીયે... (૨)

સર્વ શાસ્ત્ર કેરો એહ ભેદ,
ચૈતન્ય પુરુષ તે ઉત્તમ દેવ... (૩)

આત્મ જાણી સર્વેને નમીએ,
મુનિવર અંતરમાં હરિ સમરીએ... (૪)

અંતર દષ્ટિએ જુઓ એક શ્યામ,
બાહેર દષ્ટે વીરા સરે નહીં કામ... (૫)

તું હી સાચા સાહેબ હો...
બાહેર દષ્ટિ નવ રાખીએ,
અંતર દષ્ટિએ હરિ જોએ,
કૃપા હોયે સદ્‌ગુરુ તણી,
તો ભીતર દર્શન હોએ. (૨૮)

—

અંતર દષ્ટે દર્શન નિરખો,
બાહેર દષ્ટે હરિ નવ પેખો... (૧)

સદ્‌ગુરુ કહે ઘણું ઘણું પોકારી,
બાહેર દષ્ટિ તમે રાખો વારી... (૨)

અંતર દષ્ટિ નિરંતર ધરીએ,
મુનિવર અંતરથી દ્વૈત પરહરીએ... (૩)

હરિ તે હર ને હર તે હરિ,
વેદ વચને વાણી ઓચરી... (૪)

અભય જ્યારે અંગીકાર જ કરીયું,
હરિહર નામ તે ત્યારે ધરીયું... (૫)

તું હી સાચા સાહેબ હો...
હરિહર નામ ત્યારે ધરીયું,
કર્યું અંગીકાર અભય,
હરિહરમાં અંતર નહિ,
એવા જાણો મુનિવર ભેદ. (૨૯)

—

હરિહર નામે કશો નહિ ભેદ,
એમ બોલે ભાઈ ચારે વેદ... (૧)

નર નારી જગત સૌ એહ,
મુનિવર અંતરમાં નહિ સંદેહ... (૨)

જે નર નારાયણ ને વિસારે નહિ,
તે નરનું મન જ નારાયણ સહી... (૩)

એક આત્માને જુજવાં રૂપ,
આખર જોતાં એક સ્વરૂપ... (૪)

બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર જાણ,
એ ત્રિમૂરત એક નિર્વાણ... (૫)

તું હી સાચા સાહેબ હો...
એક મૂરત ત્રણ દેવ છે,
એ કહીએ એક સમાન,
ત્રણ ગુણ પ્રતિતે થાયે છે,
દૃઢ મન કરી પિછાણ. (૩૦)

—

લક્ષ ચોરાશી તે ચારે ખાણ,
એક સ્વરૂપથી સર્વે જાણ... (૧)

કારણ કારજ રૂપ ઊપસીયું,
કારણ માંહે તે કારજ વસીયું... (૨)

કનક કુંડલે જળ હળે જેમ,
બ્રહ્મ માંહે બ્રહ્માંડ છે તેમ... (૩)

તત્ત્વ વિના પિંડ ન હોએ,
પિંડ માંહે ભાઈ તત્ત્વ સોહે... (૪)

તેમ સર્વ ઉત્પત્તિ એ જગદીશ,
સર્વ ઘટ માંહે એક જ ઈશ... (૫)

તું હી સાચા સાહેબ હો...
સર્વ ઘટ એક જ ઈશ્વર,
એક અનેક જો સાર,
સદ્‌ગુરુ વચને જ્ઞાન કહું,
થોડા માંહે અપાર. (૩૧)

થોડા માંહે પ્રબોધ જ ઘણી,
નિંદા ના કીજે ભાઈ કોઈ જ તણી... (૧)

સર્વ સૃષ્ટિને પ્રમાણ જ કરીએ,
સદ્‌ગુરુ વચન હૃદયમાં ધરીએ... (૨)

શુદ્ધ સમજણ હૃદયમાં રાખો,
ઘેલા થઈ ને કાં જેમ તેમ દાખો ? (૩)

જેમ તેમ દાખે કોઈ અર્થ ના સરીએ,
કાચે કુંભે નીર ના ભરીયે... (૪)

શાસ્ત્ર ભણતાં જો ના આવે જ્ઞાન,
વળી વિશેષ આવે અભિમાન... (૫)

તું હી સાચા સાહેબ હો...
અભિમાન તજો મુનિવરો,
સદ્‌ગુરુ પારસ પિછાણ,
હીરે હીરો વિંધીએ,
તે હરિ પારસ કરી જાણ. (૩૨)

ધમિયું સોનું વહી કરી જાય,
મુનિવર અંતરમાં કોઈ ના પાયે... (૧)

સદ્‌ગુરુ જ્ઞાનનો ભેદ જ લઈએ,
કરમ ફળને વળગી ના રહીએ... (૨)

ભેદ ના જાણે સદ્‌ગુરુનો સાર,
ખર પર ચંદન વહે જેમ ભાર... (૩)

આહાર નિદ્રા ને ભય મૈથુન,
સર્વે દેહને જાણો સરખા જન... (૪)

મનુષ્ય દેહીને અદકું જ્ઞાન,
જ્ઞાન નહીં તે પશુ સમાન... (૫)

તું હી સાચા સાહેબ હો...
જ્ઞાન સમજો મુનિવરો,
થર કરવાનો મન,
થર મને મુક્તિ ફળ મળે,
એમ જાણો મુનિ જન. (૩૩)

એવું જાણીને જે ચેત્યા જન,
બ્રહ્મ જ્ઞાન વિના ન છૂટે કરમ... (૧)

મુનિવર અંતરમાં રાખી રહીએ,
વાદ-વિવાદ વિષય સર્વ તજીએ... (૨)

મુનિવર સર્વેને હેતે લઈએ,
મન ચિત્ત સર્વ ગુરુનર ચરણે દઈએ...(૩)

મન માંહેથી જો મમતા તજીએ,
તો ઘટ માંહે બ્રહ્મ જ્ઞાન નીરખીએ... (૪)

જ્યાં લગી મમતાએ હું હું કરશે,
ત્યાં લગી કાયા ક્લેશ ભોગવશે. (૫)

તું હી સાચા સાહેબ હો...
કાયા ક્લેશ ના કીજીયે,
નિર્મળ કીજીયે દેહ,
વાસના સર્વ છોડીયે,
એક સર્જનહાર સાથે નેહ રે. (૩૪)

સર્વ વાસના જ્યારે ગળે,
અંતર માંહેલી દુગ્ધા ટળે... (૧)

સત્ય સંગે થાયે વાસના ભંગ,
હરિ ચરણે જો લાગે રંગ... (૨)

સદ્‌ગુરુ કર્યાની જાણી જુગત,
હરિ ચિંતવે થાય જીવન મુગત... (૩)

સદ્‌ગુરુ ક્રિયા સત્ય શાસ્ત્રે હોએ,
સત્ય શાસ્ત્રે તે હરિજન જોએ... (૪)

સાચા હરિજન કહીએ સોએ,
હરિજન અંતરે પરમાર્થી હોએ... (૫)

તું હી સાચા સાહેબ હો...
પરમાર્થે બુદ્ધિ રાખીએ,
તો ચિત્તે આવે જ્ઞાન,
ચિત્ત ચોખ્ખાં ચંદન કરો,
તો ટળે મોહ અજ્ઞાન. (૩૫)

પરમાર્થી સદ્‌ગુરુને જ્યારે મલીએ,
ત્યારે જીવના સંકટ ટળીએ... (૧)

સંકટ ટાળી સમજી રહે મન,
તે ના કરે વિષયનું ચિત્તવન... (૨)

વિષય તણું ચિત્તવન છે જેને,
મહા મૂર્ખ કહીએ તેને... (૩)

દુઃખ પ્રવર્તિ તે નર્ક જાણ,
વિષય સાથે વૈરાગ્ય જાણ, (૪)

વિષય વૈરાગ્ય તજ્યો જેને,
જીવન મુક્ત કહીએ તેને... (૫)

તું હી સાચા સાહેબ હો...
જીવન મુક્ત હોઈ રહો,
વિષય તજો વિકાર,
જો મન ખેલે મોકળા,
જો મનને ઠારી બેસાડો ઠામ. (૩૬)

—

વિષય સાથે જહાં લગી મન હોયે,
તો ઠરી ઠામ ના બેસે કોયે... (૧)

સર્વ ધર્મ ષટ્ દર્શન ધામ,
કુળની ક્રિયાએ ન મળે શ્યામ... (૨)

મુનિવર સાચું સાધન એક વૈરાગ્ય,
ન એ પ્રગટે અંતરે વણ ભાગ્ય... (૩)

જ્યાં વૈરાગ્ય ત્યાં રિદ્ધિ ને સિદ્ધિ,
જ્યાં વૈરાગ્ય ત્યાં નવ નિધિ... (૪)

સકળ પદાર્થ વૈરાગ્ય જાણ,
મુનિવર અંતરે સાધન પ્રમાણ... (૫)

તું હી સાચા સાહેબ હો...
સાધન કરો વૈરાગ્યનું,
તો સકળ પદાર્થ હોય,
વણ વૈરાગ્યે માનવી,
અર્થ સરે ના કોય. (૩૭)

વણ વૈરાગ્યે અર્થ ના સરીએ,
વણ વૈરાગ્યે મન ભટકતા ફરીએ... (૧)

વણ વૈરાગ્યે નવ ટળે અભિમાન,
વણ વૈરાગ્યે નવ મળે નિજ જ્ઞાન... (૨)

વિવેક, વિચાર, વૈરાગ્ય, ધ્યાન,
સકળ પદાર્થ એ ચારે જાણ... (૩)

એ ચાર વાચક હૃદયમાં ધરીએ,
મુનિવર અંતરમાં હરિને વરીએ... (૪)

સર્વ સાધનમાં મુખ્ય વિવેક,
જે થકી ટળે અજ્ઞાન અનેક... (૫)

તું હી સાચા સાહેબ હો...
અજ્ઞાન ટળે સત્ય જ્ઞાનથી,
મન પામે અવિચળ ઠામ,
તેને ના ઉપજે ઉપરથી,
અહંકાર ક્રોધ ને કામ. (૩૮)

આપે મનને અવિચળ ઠામ,
નવ ઉપજે ક્રોધ ને કામ... (૧)

સત્ય જ્ઞાને વિવેક ઉપજે,
ત્યારે મન સઘળાં કુલક્ષણ તજે... (૨)

જ્ઞાન યથાર્થ અનુભવે લઈએ,
ત્યારે મન કલ્પિતથી રહીએ... (૩)

વિષય વાસના કરીએ ત્યાગ,
ધરીએ ભક્તિ તીવ્ર વૈરાગ્ય... (૪)

મનને જીતવા ચાહે જેહ,
મુનિવર અંતરમાં કરવો નેહ... (૫)

તું હી સાચા સાહેબ હો...

વળી જુઓ વૈરાગ્યને,
સાચી ભક્તિ એહ,
વણ વૈરાગ્ય થર નહિ,
મુનિવર જાણો તેહ. (૩૯)

—

બ્રહ્મ જ્ઞાન સત્યે મન ધરીએ,
ભક્તિ જ્ઞાને નિત્ય વિચાર જ કરીએ...(૧)

બ્રહ્મ જ્ઞાને મન થર થાયે,
મુનિવર બીજો નથી કોએ ઉપાયે... (૨)

સત્ય વિવેકથી કરે અભ્યાસ,
સમજણ માંહે આવે અવિનાશ... (૩)

જેને નિત્ય સત્ય સંગનું ચિત્તવન,
તેનું નિશ્ચે થર થાય મન... (૪)

દેહ સ્વભાવ એણી પેર ટળીએ,
જો મન આત્મા ચૈતન્યને મલીએ... (૫)

તું હી સાચા સાહેબ હો...
આપણું આપ ચિત્તે નહિ,
કરે અવર શું પ્રીત,
કદીયે જ્ઞાન ન ઉપજે,
ન થાયે સદ્ગુરુ સાથે પ્રીત. (૪૦)

—

ભીતર ભેદની વિદ્યા ખરી,
જેણે બેસે મન ઠામે ઠરી... (૧)

ભીતર ગળે વાસના લિંગ,
નિવૃત્ત પામે સઘળાં અંગ... (૨)

શ્રી મુખ સ્વામી કહે છે એહ,
ભીતર સમજે તે પુરુષ વિદેહ... (૩)

એમ લક્ષણ હૃદયમાં ધરીએ,
અંતર માંહેથી દ્વૈત પરહરીએ... (૪)

પૂરણ ભાગ્યે મુનિવરે લહ્યું,
શ્રી મુખ સ્વામીએ એમ જ કહ્યું... (૫)

તું હી સાચા સાહેબ હો...
શ્રી મુખ નારાયણ કહે,
બ્રહ્મ જ્ઞાન મુખ વાણ,
સબ ઘટ સાહેબ એક છે,
આદિ અંતે નારાયણ રે. (૪૧)

નારાયણે બ્રહ્માને કહ્યું જ્ઞાન,
આદિ અંત મધ્યે મુજને જાણ... (૧)

એવા અનુભવે આજ અંતર આણ,
બ્રહ્માએ કહી નારાયણ વાણ... (૨)

બ્રહ્માએ નારદને કહ્યું જ્ઞાન,
પામ્યા દેવ ઋષિવર નિધાન... (૩)

નારદે વેદમ્ વ્યાસને કહ્યું,
મુનિવરનું મન પ્રસન્ન થયું... (૪)

વ્યાસે શુકદેવજીને કહ્યું સ્મરણ,
જે જીવનો થાયે ઓધારણ... (૫)

તું હી સાચા સાહેબ હો...
જીવપણું મૂકાયે સદા,
શુકદેવજીએ કહ્યું જ્ઞાન,
જનક વિદેહી થકી પામીયા,
પરમ જ્ઞાન નિધાન. (૪૨)

શુકદેવજીએ પરીક્ષિત ને કર્યો ઉપદેશ,
ટળીયાં તેનાં કરમ ક્લેશ... (૧)

સુણતાં ઊપજ્યું ભક્તિ એ બ્રહ્મજ્ઞાન,
પામ્યા પરીક્ષિત પદ નિર્વાણ... (૨)

બ્રહ્મ જ્ઞાને જેને ભક્તિ લહી,
અંતરમાં તેને મુક્તિ જ સહી... (૩)

અનેક જ્ઞાનીને રાજા રાએ,
હરિ પદ પામ્યા તે જ્ઞાને જાણે... (૪)

દ્વૈત તજીને હરિને મળીયા,
તે ક્ષેણું એકમાં હરિ પદે મળીયા... (૫)

તું હી સાચા સાહેબ હો...
હરિ પદ લે કોએ જ વીરલા,
સદ્‌ગુરુ કહે પોકાર,
સદ્‌ગુરુ ચરણે જેમ જેમ રહે,
તેમ ચિત્ત જ આવે ઠામ. (૪૩)

જ્યાં લગી દ્વૈતનું માન નવ ટળીએ,
ત્યાં લગી જીવન મોક્ષ ન મળીએ... (૧)

જ્યારે દ્વૈતનો આવે અંત,
ત્યારે અંતરમાં દિસે ભગવંત... (૨)

અંતર દર્શને અજ્ઞાન જ ટળીયે,
નહિ તો મોહ માયામાં ફરતા ફરીયે...(૩)

સ્મરણ એક નારાયણનું કરીએ,
એક જ ભાવે નિરંતર ભણીએ... (૪)

સર્વ સૃષ્ટિમાં એક આત્મા જોયે,
આપે અંતર અવલૌકિક સોયે... (૫)

તું હી સાચા સાહેબ હો...
અંતર ગત ઉલ્ટી કલા,
સાધન ના જાણે કોયે,
કૃપા થાયે જો સદ્‌ગુરુ તણી,
તો તત્ક્ષણ દર્શન હોયે. (૪૪)

આત્મા સર્વે અંતર સભાન,
ઉત્તમ ભક્તિ તે દષ્ટિ સમાન... (૧)

સદ્‌ગુરુ ચરણે જેનું મગ્ન મન,
તે વિષય તણું ના કરે ચિત્તવન... (૨)

હરિના ભક્ત ઉત્તમ સહી,
જેને વિષે વિષય મત નહિ... (૩)

જેને વહાલા એક શ્રી સારંગ સહી,
તેને શાસ્ત્રનું અભિમાન જ નહીં... (૪)

જેને વહાલા સદ્‌ગુરુ સત્ય સમાન,
તે સઘળે દેખે એક જ શ્રી ભગવાન...(૫)

તું હી સાચા સાહેબ હો...
કાળ અહંકારને નિંદાપણું,
આદ અજ્ઞાનનું મૂળ,
આશા તૃષ્ણા એ મોક્ષ નહિ,
તો સહેશે મોટાં દુઃખ. (૪૫)

—

સત્સંગ વહાલો તે વિષ્ણુ જન,
દેવ દૃષ્ટિ જેનું એક જ મન... (૧)

પતિવ્રતાની પેરે સોએ,
બીજા વિશે કાંઈ બુદ્ધિ ના હોએ... (૨)

પતિવ્રતા પિયુ પર વારે નમે,
તે સાધ્વી ભરથારને ગમે... (૩)

એક હરિ સમરીયે કેનું દ્વેષ ન કરીએ,
હરિએ વહાલા ભવતારણ તરીએ... (૪)

શ્રવણ સ્મરણ કીર્તન સેવા,
અવર વંદન દાસત્વ મેવા... (૫)

તું હી સાચા સાહેબ હો...
સાત પ્રકાર ઉપર કહ્યા,
સુણો મુનિવર એક ધ્યાન,
બે પ્રકાર પાછળ કહું,
નવધા ભક્તિ નિર્વાણ. (૪૬)

સખા ભાવ આત્મ વંદન,
નવધા ભક્તિ રાખે કોઈ જન... (૧)

અનન્ય ભાવે નારાયણને ભજીયે,
કાળ અહંકાર ને વાસના તજીયે... (૨)

જેને ગુરુનર શું નિરંતર પ્રેમ,
તેને ગુરુનર આપે યોગ ક્ષેમ... (૩)

યોગ ક્ષમાએ વાસના સઘળી ટળીએ,
યોગ ક્ષમા એ હરિમાં ભળીએ... (૪)

યોગ ક્ષમાએ ટળે જન્મ મરણ,
યોગ ક્ષમાએ શીતલ અંતઃકરણ (૫)

તું હી સાચા સાહેબ હો...
યોગ ક્ષમા જે પાળે સદા,
અનુભવી દીશે અપાર,
તેનો અર્થ આગળ કહું,
સુણો મુનિવર સાર. (૪૭)

—

યોગ ક્ષમાએ સમ બુદ્ધિ પ્રકાશ,
યોગ ક્ષમાએ શાંત મનનો નહિ નાશ...(૧)

સમ બુદ્ધિ અર્થે યોગી જન,
આચારે અનેક યોગ સાધન... (૨)

એ જ ભાવે શીશ હરિને નમીએ,
ગુરુનર દયા સમબુદ્ધિએ પામીએ... (૩)

આપો સમ બુદ્ધિ અંતર જામી,
દાસ મુનિવર કહે તે પ્રણામી... (૪)

સ્વામી સેવક અપરાધે ભરીયા,
આવી શરણ તુજ ચરણે પડીયા... (૫)

તું હી સાચા સાહેબ હો...
મુનિવર અંતર સ્વામી શરણે રહી,
સદ્‌ગુરુ સ્વામી એક જ જાણ,
ગ્રહી મનમાં પ્રગટ કરો,
તે અંતર માંહે પિછાણ. (૪૮)

શરણે આવ્યાની રાખો લાજ,
દયા કરો શ્રી નિષ્કલંક મહારાજ... (૧)

માગું નહિ રિદ્ધિ સિદ્ધિ નહિ ભોગ,
માગું એક પરમાર્થ યોગ... (૨)

એ લક્ષણ મુજને આપો સ્વામી,
એક સ્વામી વિણ બીજું ભાસે નહિ...(૩)

કરીયે વિનંતી તે કેટલી કથી,
સેવક તણું બળ જ નથી... (૪)

સદ્‌ગુરુ તે દયા જ કરશે,
મુનિવર અંતરમાં તો કારજ સરશે... (૫)

તું હી સાચા સાહેબ હો...
કારજ સરે સદ્‌ગોર થકી,
મુનિવર અંતરમાં રાખ,
પ્રેમે સંભળાવ્યું જ્ઞાન જે,
તે રસ હૃદયમાં ચાખ. (૪૯)

સફળ મનુષ્ય જન્મ એહ,
વિના ભક્તિ અવરથા એહ... (૧)

કહે સેવક સદ્‌ગોર વચન, સાંભળો નરનાર,
નારાયણે કહ્યું છે વારંવાર... (૨)

શાસ્ત્ર જ્ઞાન એમ જ વંદે,
નારાયણનું સ્મરણ રાખો હૃદયે... (૩)

બાહેર ભીતર એક જ હરિ સહી,
હરિ વિના ખાલી ઠામ જ નહિ... (૪)

સબ ઘટ સર્વ મહી એક જ હરિ,
આનંદ રૂપને અનંત નામ... (૫)

તું હી સાચા સાહેબ હો...
અનંત નામ રૂપ અનંતના,
અનંત ચરિત્ર અપાર,
અનંત લીલા વિસ્તારીયા,
અનંત લોચન નિરધાર. (૫૦)

—

સબ ઘટ નારાયણ સર્વમાં દેવ,
સર્વ વિષ્ણુ જાણો તતખેવ... (૧)

ભીતર બહાર સચરાચર વિષ્ણુ,
જીનકે ચિત્ત નિરંતર વિષ્ણુ... (૨)

દાતા મુક્તા શ્રી હરિૐ સોહી,
અને શ્રી હરિ શરણ બલિહારી... (૩)

ઋષિવર સંશય ન રાખો મન,
નહિ નારાયણ વિના કોઈ અન્ય... (૪)

એક અનેક મળીને એક,
સાચો સાધન એહી વિવેક... (૫)

તું હી સાચા સાહેબ હો...
પૂર્ણ વિશ્વાસ સાચા હરિ,
અનંત લીલા અપાર,
અક્ષર રૂપ અરૂપના,
તેને પ્રેમ સમજો કિરતાર. (૫૧)

ભક્તિ એક ને ભેદ જ બહુ,
આદિ-અંત મધ્યે ભક્તિ કહું... (૧)

બાહેર ભીતર એમ સર્વે બ્રહ્મ,
સમજુ સમજી લેજો નિજ મર્મ... (૨)

સુવર્ણ એક ને આભૂષણ અપાર,
સર્વ સુવર્ણ તમે જાણો નિર્ધાર... (૩)

દેવ મનુષ્ય આદિ ત્રિજગ બહુ,
કેવળ વિષ્ણુ જાણો સહુ... (૪)

એ પ્રબોધ અંતરમાં ધરીયે,
સર્વ સૃષ્ટિ શુ હેતે ઓચરીયે... (૫)

તું હી સાચા સાહેબ હો...
અનંત રૂપ અવતાર ગત,
સ્થાવર જંગમ સ્વરૂપ,
આદ્ય બ્રહ્મ તે સદ્ગોર બ્રહ્મ,
વિષ્ણુ તે નર નારાયણ સ્વરૂપ. (૫૨)

—

વિષ્ણુ વાચક તે હૈયે ધરીએ,
સ્મરણ નિરંતર નારાયણનું કરીએ... (૧)

સદ્‌ગોર બોધ શીખી સુણીયે,
સદ્‌ગોર બોધ તે પ્રેમે ભણીયે... (૨)

મન ચિંતામણિ જ્ઞાન વિચારે જેહ,
સંસાર બંધનથી છૂટે તેહ... (૩)

સંસાર સાગર મહાભવ અપાર,
સદ્‌ગોર બોધ તે નાવ જ સાર... (૪)

સાધન અનુભવ સેવે જેહ,
સુખે પ્રેમ પદ પામે તેહ... (૫)

તું હી સાચા સાહેબ હો...
મોક્ષ માર્ગ તે પ્રેમ પદ,
મુનિવર સમજો મન,
અંતર ઘટ આદર કરો,
તો નિર્મળ હોવે તન. (૫૩)

વિષ્ણુ આપે બોલ્યા જેહ,
સદ્‌ગોરે ભાખ્યું તેહ... (૧)

નિમિત્ત માત્ર સદ્‌ગોર દાસ,
કર્તા હર્તા શ્રી અવિનાશ... (૨)

બ્રહ્મ જ્ઞાન કહી સમજાવ્યું,
અંતર માંહે નિર્મળ થાઉં... (૩)

નિર્મળ થઈને નિત્ય ધરવું ધ્યાન,
એક મના થઈ ભણવું મન ચિંતામણિ જ્ઞાન... (૪)

સાધના વિચાર નિત્ય નિત્ય કરવું,
સદ્‌ગુરુ વચન તે ચિત્તે ધરવું... (૫)

તું હી સાચા સાહેબ હો...
ચિત્ત સાધના પર શોધવું,
સુણી સદ્‌ગુરુ બોધ,
સ્મરણ એક ચિત્તે કરો,
તો આવે અંતરમાં સૂઝ. (૫૪)

—

ગ્રંથ સંપૂર્ણ મહા ઉલ્લાસ,
વૈરાટ નગરમાં કર્યો રે પ્રકાશ... (૧)

મુનિવર ઓળખવા કારણ માટ,
રહીએ વાસ નગર વૈરાટ... (૨)

અક્ષર બાવનને સન બાવન,
મુનિવરો સમજો ઘટ અંતર મન... (૩)

માગસરે શુદ્ધ સદ્ગોરથી જાણ,
દ્વાદશી એ બાંધ્યો તિથિ પ્રમાણ... (૪)

શુકલ પક્ષને મંગલ જાણ,
મૂળબંધ માંહેથી લીધો પ્રમાણ... (૫)

તું હી સાચા સાહેબ હો...
લીધો ગ્રંથ મૂળબંધથી,
મુનિવર આવવા વૈરાગ,
કોઈક શૂરા સમજશે,
જે સમજે તે શિરનો સાટ. (૫૫)

—

આદ ઉનાદના નાથ રે

આદ ઉનાદના નાથ રે, સ્વામી તમો છો કિરતાર,
ભરતખંડ જંબુદ્વીપ માંહે, દસમે છે નિકલંકી રૂપ,
સત્‌ગુરુ કેરા હાટમાં, જડી જ્ઞાન શબ્દ કેરી જડ,

જ્ઞાન દીપક સમારીયે, સદ્‌ગુરુ દેખાડશે અમર ભેદ,
અમર પદ ગુરુગમ જડી, તા તો પાપ તે પરલે જાય રે,

પાંચ તત્ત્વની રચના બની, ત્યારે ત્રણ જગ કર્યા પ્રકાશ,
પાંચહી રસને વારીયે, તેનાં રૂપ છે સહસ્ત્ર પચાસ.

નાભી કમલથી ઉપજે, તાહાં ગેબી તે ગર્જના થાય,
સૂન શિખરમાં સુરતા ધરી, તાહાં થાયે છે અજંપા જાપ.

ઇંગલા પિંગલા સંગમ માંહે, તાહાં સુષુક્ષ્ણા વહે સતી સાર,
અનહદ વાજાં તાહાં ગડગડે, તાહાં વર્તાયે જય જય કાર રે.

બંક નાલના ઘાટ માંહે, તાહાં અનહદ થાયે પ્રકાશ,
આ ઘેરથી અમી ઉતરે તાહાં, પીયે હરિજન વીરલા કોય.

સુરત નૂરતની જુગત ભણી, પરિબ્રહ્મા છે પોતાને પાસ રે,
અખંડ જ્યોત તાહાં જગમગે, એ તો અલખ પુરુષ કેરા મેળા.

અલખ નિરંજન સેવીએ, સારે જનમ મરણનો ભય જાયે રે,
કહેત ઇમામશાહ સુણો મોરા ભાઈ, તમે ગાવો શીખો સાંભળો ભાઈ.

ભાઈ રે પિયુ પિયુ કીજીએ

ભાઈ રે પિયુ પિયુ કીજીયે, અને હ્દયમાં ઉપજે જ્ઞાન,
આ દેહી નિર્મળ તો થાશે, તમે રાખો સાહેબનું ધ્યાન. - ૧
ભાઈ ધ્યાન ધરોને સાચા સાહેબનું, દેહના ટુકડે ટુકડા થાય,
એવી તે રહેણી જગાવીએ, વીરા એક દમ ખાલી નવ જાય. - ૨
ભાઈ જે દમ જાય હરિના નામ વિના, તે દમને જાણો મુડદાલ,
એ રે સાહેબને કેમ કરી છાંડીએ, વીરા ભાઈ તલ ભાર ના મેલીએ. - ૩
ભાઈ ગફલત થકી રે દિલને વારીએ, કૂડ કપટ સર્વે કરો દૂર,
આ દિલમાંથી નિદરાને પરહરો, વીરા ભાઈ રહેજો સાહેબની હજૂર. - ૪
ભાઈ હજૂર સાહેબની એમ જાણીએ, એક હરફ ના નીસરે બહાર,
આ દમે તે દમે પિયુને જપીએ, એમ જપીએ સરજનહાર. - ૫
ભાઈ સરજન જગમાં દાતાર છે, જે પૂરે તે મન કેરી આશ,
તેને દૂર ના દેખો દિલમાં વસે, જેમ ચંપા ફૂલમાં વાસ. - ૬
ભાઈ જેસા રે દૂધ માંહે ઘૃત છે, ને તેવા તું જ માંહે પ્રાણ,
એસા રે જગમાં સાહેબ વસે, વીરા ઘટ ઘટ વ્યાપક જાણ. - ૭
ભાઈ જબ લગી તુજમાં પ્રાણ છે, તબ લગી ચેતો મારા વીરા,
આ નિત નિત સ્મરણ કીજીએ, તો મન થાય રે સ્થિર. - ૮
ભાઈ ભણે ગોર ઇમામશાહ સાંભળો, તમે રુદિયામાં રાખજો ધીર,
હરદમ ભક્તિ શું જાગીએ, તો નિર્મળ હોય શરીર. - ૯

સત્પંથ ધર્મ સો કહીયે

સત્પંથ ધર્મ સો કહીયે, જેને ઓળખ્યા સદ્ગોર દેવ રે,
પરિબ્રહ્મ વિષ્ણુને ઓળખ્યા, તે તો અમર હુવા તતખેવ રે. ટેક.
જ્યોતિ સ્વરૂપે જાણીએ, આદ બુંદ પિંડ કહેવાય રે,
નિરાકાર રૂપે તો પોતે છે, તેની અકળ કળા કહેવાય રે. સત્પંથ...૧
ઝવેરી હોય તે પારખે, અને હીરા ચૌટા બજાર હૈ,
મુનિવર હોય તે પારખે, ધ્યાનની સુર્તા લગાઈ રે. સત્પંથ...૨
કાચી કાયાને કાચી પિંડ, નવે ખંડમાં કીધો પ્રકાશ રે,
પાંચ તત્ત્વનું પૂતળું, તો પોલ માંહે પવન સમાય રે. સત્પંથ...૩
નાભી કમળથી દમ ઉઠે, શ્વાસ ઉશ્વાસ હોય રે,
દમે દમે હરિને જપીએ, તો અમર હોય સોય રે.. સત્પંથ...૪
ત્રિવેણી ત્રિકુટીમાં નાહીએ, અને પૂરા સંગમ હોય રે,
ચાંદો સૂરજ બે દીપ કહીએ, તે જ્યોતમાં જ્યોત સમાય રે. સત્પંથ...૫
સુર્તા લગાવીને ચઢીએ, અને પૂરા સદ્ગુરુ કે સાથ રે,
અજંપા જાપને જપીએ તો, પાપ સઘળાં જાય રે. સત્પંથ...૬
પાત્ર હોય તે દર્શન પામે, તે અમર વસ્તુ સોય રે,
અમર પદવી તો મળે, ભાઈ પૂર્ણ સોહાગણ હોય રે. સત્પંથ...૭
કહેત ઈમામશાહ સુનો મુનિવરો, તમે સાચું જાણો નિર્ધાર રે,
સદ્ગુરુએ એમ ભાખીયા, હવે નથી અગીયારમો અવતાર રે. સત્પંથ...૮

અજંપા તણું હરદમ ધરીએ ધ્યાન

અજંપા તણું હરદમ ધરીએ ધ્યાન,
ધ્યાન ધરીને મન વશ રાખો, ભાઈ સદ્‌ગુરુની લઈએ શાન.

શાન સદ્‌ગુરુકી લઈ ઘટ માંહે રહીયે, નિશ્ચલ થઈને ધરીયે ધ્યાન,
ગુપ્ત ઘટ માંહે સુમરણ કરજો, કોઈ ના સુને કાનો કાન.

ઇંગલા પિંગલા સુષુમણા નાડી, ત્રિવેણી ઉપર મકાન,
ભ્રમર ગુફા ઉપર પરગટ બૈઠો, તાહાં જઈ ખોલો નિશાન.

નિશાન ખોલો તો દર્શન કર લો, મીટ જાવે ચૌર્યાશીનું ચિન્હ,
જનમ મરણ કા સર્વે ભય ભાગે, બૈઠા પીવો અમૃત માન.

અમૃત પીવે તો જુગો જુગ જીવે, વૈકુંઠમાં પાવે તે માન,
સ્વામી હું છું દાસ મને દર્શનકી આશ, વિનંતી મારી ધરજો માન.

કહેત ઈમામશાહ સુણો મોરા ભાઈ, તેજ સ્વરૂપનું ધરવું ધ્યાન,
કર જોડીને તમે પ્રભુને વિનવો, ગુરુ પ્રસાદે ઉતારો પાર.

સદ્‌ગુરુ બ્રહ્માને ઓળખ્યા

સદ્‌ગુરુ બ્રહ્માને ઓળખ્યા, મૈ તો સુરતા શું કર્યા પ્રણામ,
બ્રહ્મરસ લાગો મીઠડો, મારે અંગ ઉમંગ ન સમાય રે,

જ્યોત પ્રકાશીને તેજ કર્યા, તે તો તેજમાં તેજ સમાય રે,
અખંડ જ્યોત તઈયા જળહળે, નાભી કમલથી કીધો વિસ્તાર રે.

બારા કલા બ્રહ્મરસ કહીએ, મૈ તો પ્રત્યેક દીઠાં છે તેજ રે,
સોલા કલા વિષ્ણુ નર કહીયે, તે તો જ્યોતમાં જ્યોત સમાય રે.

પાંચ તત્ત્વની કાયા કરી, નવ ખંડમાં કીધો વિસ્તાર રે.
જુગમાં તે ગુરુ નર આવીયા, સેવક લોકને દેવા દર્શન રે.

સત્‌પંથ સોલા કલા શું જાણો, તે તો ઉગમીયા સૂરજ કેવાય રે.
ઇંગલા પિંગલા સુષુમણા, તે તો ચઢીયા ત્રિવેણી ઘાટ રે.

ત્રિપુટી સંગમમાં ન્હાઈયે, તે તો દસમે પામ્યા છે દર્શન રે,
સતરમી કલાના તો તેજ ઝળક્યા, તે તો પિંડ સ્વરૂપે કેવાય રે.

દસમે દર્શન તે જાઈ મલ્યા, તે તો પામ્યા છે અમર પદ રે,
કહેત ઈમામશાહ સાંભળો, એમ બોલ્યા છે અમૃતવાણી રે.

॥ સદ્‌ગુરુ ॥

સદ્‌ગુરુ ગુરુ બહુ અંતરો, જો દિવસ અરુ જાણ,
ગુરુ બતાવે વૈકુંઠ તો, સદ્‌ગુરુ દે નિજ ધામ.

ગુરુ અને સદ્‌ગુરુમાં ફરક છે. ગુરુ વૈકુંઠનો માર્ગ બતાવે છે, તો સદ્‌ગુરુ બ્રહ્મમાં લીન થવાનો માર્ગ બતાવે છે. ગુરુ તો અનેક હોય પણ સદ્‌ગુરુ તો જે બારે કળાથી યુક્ત હોય તે જ ખરા સદ્‌ગુરુ કહેવાય. વેદશાસ્ત્રમાં સદ્‌ગુરુની બાર કળા નીચે મુજબ દર્શાવી છે.

(૧) પૂર્ણ ચંદ્ર પ્રમાણે નિર્મળ હોય. (૨) સૂર્ય પ્રમાણે તેજસ્વી હોય. (૩) અગમ્ય રૂપ બતાવનાર હોય. (૪) અગમનિગમજાણનાર હોય. (૫) જેના પગમાં પદ્‌મહોય. (૬) જેમના જમણા પગના અંગૂઠામાં તીર્થ જેટલો મહિમા હોય. (૭) જેમની આંખમાં ઊંઘ હોતી નથી અને સર્વ જગતને એકરૂપથી જુએ છે. (૮) જેમના પગ જમીનને અડતા નથી એટલે જેમની ગતિ મનની ગતિ પ્રમાણે છે. (૯) જે સત્ત્વ, રજસ, તમસ આદિ ગુણોથી પર હોય, જેમની આંખો તેજસ્વી હોય. (૧૦) જે પોતાના મુખમાં ચૌદ ભુવન બતાવે એટલે કે ચૌદ ભુવનની અને અખિલ બ્રહ્માંડની માહિતી આપે છે અને જન્મતાં જ બધા વેદ બોલી બતાવે છે. (૧૧) જેમની શક્તિ દેવ અને દાનવો કરતાં વધારે હોય. (૧૨) જે જીતેન્દ્રિય હોઈ બધાની મનોકામના પૂર્ણ કરે છે.

આ પ્રમાણે બારે કળાથી યુક્ત હોય તે જ સદ્‌ગુરુ-યુગગુરુ કહેવાય છે.



ઘેર ઘેર વાંચવા અને વસાવવા લાયક

સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજની દિવ્ય વાણી આધારિત
સત્‌પંથ પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત થતાં સત્‌પંથ ધર્મના
તાત્ત્વિક અને સાત્ત્વિક ધાર્મિક સાહિત્ય

(૧) શ્રીમદ્ દશાવતાર ગ્રંથ
(૨) શ્રી સત્‌પંથ નવનીત
(૩) યજ્ઞવિધિ (અથર્વવેદ આધારિત)
(૪) સદ્‌ગુરુ શ્રી ઈમામશાહ મહારાજ જીવન વૃત્તાંત
(૫) ભાભારામ સુબોધ ભાગ-૧ અને ભાગ-૨
(૬) મન ચિંતામણી
(૭) અમૃતવાણી
(૮) યોગવાણી
(૯) સતપંથ ધર્મદર્શન
(૧૦) ભૂમિદાગ માર્ગદર્શિકા
(૧૧) નિત્ય પ્રાર્થના પાઠ (ગુજરાતી)
(૧૨) નિત્ય પ્રાર્થના પાઠ (હિન્દી)
(૧૩) નિત્ય પ્રાર્થના પાઠ (અંગ્રેજી)
(૧૪) સત્‌પંથ ધર્મ જ્ઞાનદીપ
(૧૫) મૂળબંધ સાર (હિન્દી)
(૧૬) ઉત્તમ અમૃતધારા
(૧૭) આત્મજ્ઞાન પ્રકાશ
(૧૮) સ્મૃતિગ્રંથ
(૧૯) એવા ગુરુને નમે શીશ (પ.પૂ. આદ્ય જગદ્‌ગુરુશ્રી કરશનદાસજી મહારાજ જીવન વૃત્તાંત)
(૨૦) બાળમંડળ માર્ગદર્શિકા
(૨૧) મંત્ર લેખન બુક
(૨૨) સદ્‌ગુરુ વાણી (કેસેટ ભાગ ૧ થી ૧૫)
(૨૩) સદ્‌ગુરુ વાણી (સી.ડી. કેસેટ)
(૨૪) વી.સી.ડી. કેસેટો
(૨૫) સત્સંગ પ્રવચન કેસેટો